## :: બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. – પાલનપુર ::

દૂધ/પાકી ગમાણ સહાય/ ૮૧૬૦ તા.૨૬/૩/૨૦૧૪

**<u>પરિપત્ર</u>**

આથી જિલ્લાની દૂધ ભરાવતી તમામ દૂધ મંડળીઓ તથા મિલ્ક કલેકશન સેન્ટરોને જણાવવાનું કે, આપણા સંઘે તા.૫/૫/૯૩ ના પરિપત્ર નં.ડી.એચ/ફોડર/૧૬૦થી **''પાકી ગમાણ સહાય યોજના''** અમલમાં મુકેલ,જે યોજનાના નિતિ–નિયમો ચાલુ છે. પરંતુ સદર યોજનાના અરજી ફોર્મમાં તથા ઠરાવની નકલમાં જરૂરી સુધારો કરી નવિન અરજી ફોર્મ તથા ઠરાવની નકલ બનાવેલ છે. જેના નમુના આ સાથે સામેલ છે. તો તા.**૧/૪/૨૦૧૪**થી આ યોજનાનો નિતિ–નિયમો મુજબ લાભ લેવા ઈચ્છતા દૂધ ઉત્પાદકોની અરજીઓ તથા ઠરાવો મંડળીઓએ સુધારેલ નવીન અરજી ફોર્મમાં સંપુર્ણ વિગતે ભરીને મોકલવાનું રાખવું. જો નવિન અરજીફોર્મમાં અરજીઓ કે ઠરાવો મોકલેલ નહીં હોય, તેવી અરજીઓ તથા ઠરાવો આપો આપ રદ ગણવામાં આવશે.જેની ખાસ નોંધ લેશો.

**બિડાણઃ**– ૧.અરજીનો સુધારેલ નમુનો.

૨. ઠરાવનો સુધારેલ નમુનો.

મેનેજીંગ ડીરેકટર

**<u>નકલ રવાનાઃ</u>**–

–જીલ્લાની તમામ દૂધ મંડળીઓ તથા મિલ્ક કલેકશન સેન્ટરો તરફ .........

–તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ / તમામ વિભાગીય અધિકારીશ્રીઓ

–ફાઈલ.

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**–

માન.શ્રી ચેરમેન સા. તેમજ બોર્ડ ડીરેકટરશ્રીઓ તરફ ...........જાણ સારૂ.

:: બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. – પાલનપુર ::

બનાસ – પાકીગમાણ/**૧૩૨૨** તારીખ :– ૨૬/૫/૨૦૧૬

પરિપત્ર

આથી જિલ્લાની તમામ દૂધ ભરતી ઉત્પાદક સહકારી મંડળીઓ/મિલ્ક કલેકશન સેન્ટરો ને સહર્ષ જણાવવાનું કે, જિલ્લાના દૂધ ઉત્પાદકોના દુધાળાં જાનવરોનું રહેઠાણ પુરતી સગવડોવાળું બનાવવામાં આવે તો પશુઓનું આરોગ્ય સચવાય અને નિરણ કરવામાં આવતા ઘાસચારાનો બગાડ ઘટાડી શકાય તેવા શુભ આશયથી સંઘના નિયામક મંડળની **તા. ૨૫–૪–૨૦૧૬** ની મિટીંમાં ચર્ચા વિચારણા કરી નીચે જણાવેલ શરતો અને નિયમો મુજબ " **પાકી ગમાણ સહાય યોજના** " અમલમાં મુકેલ છે. સદર યોજના જિલ્લાના પશુપાલકોની લાગણી અને માંગણી લક્ષ્યમાં લઈ, વધુમાં વધુ પશુપાલકો આ યોજનાનો લાભ મેળવે તેવા શુભ આશયથી **તા. ૩૧/૫/૨૦૧૮** સુધી " **પાકી ગમાણ સહાય યોજના** " અમલમાં મુકેલ છે.

૧. આ યોજનાનો લાભ તમામ દૂધ મંડળીઓ /મિલ્ક કલેકશન સેન્ટરોના નિયમિત દૂધ ભરાવતા ગ્રાહકો ને મળી શકશે.

૨. અરજદાર દૂધ મંડળીનો સભાસદ/ગ્રાહક હોવો જોઈએ. અરજદારે પાછલા વર્ષમાં નિયમિત દૂધ ભરાવેલ હોવું જોઈએ. અને ચાલુ વર્ષ દરમ્યાન દૂધ ભરાવતો કાયમી ગ્રાહક હોવો જોઈએ.

૩. એક ગમાણદીઠ રૂા. ૪૦૦/– મુજબ એક પશુપાલકને વધુમાં વધુ ૨૫ ગમાણો માટે રૂા.૧૦,૦૦૦/– સુધી સહાય મળી શકશે. સંઘના સુચવેલ માપ અને મજબૂતાઈવાળી ગમાણો બનાવવાની રહેશે.

૪. અગાઉ જે સભાસદોએ ગમાણ સહાયનો લાભ મેળવેલ છે તેઓએ વધારાની ગમાણોનીસહાય મેળવવાની હોય તો પુરવણી ફોર્મની જરુરી સ્પષ્ટતા સાથે દૂધ મંડળીની ભલામણસહ નિયત નમુનામાં અરજી મોકલી આપવાની રહેશે.જો આમ કરવામાં નહિ આવેલ હોય તો સદર સ્પષ્ટતા વગરની અરજી રદ ગણી દફતરે કરવામાં આવશે.

૫. સંઘની મંજુરી મેળવ્યા વગર કે અગાઉ બાંધકામ કરેલ ગમાણોની સહાય મળી શકશે નહિ.

૬. ગમાણ સહાય માટેની અરજી પૂર્ણ વિગતો ભરી મોકલવાની રહેશે. અધુરી વિગતોવાળી અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૭. યોજનાની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરી યોજના સાથે સુસંગત ન હોય તેવી ખોટી અરજીઓ મોકલ્યાનું ધ્યાનમાં આવશે તો જે તે અરજીઓની ચકાસણી માટે થયેલ તમામ વહીવટીય ખર્ચ મંડળીના દૂધ બીલેથી વિના નોટીસે કપાત કરવામાં આવશે તેમજ જરૂર જણાયે આવી મંડળીની ગમાણ સહાય માટેની અરજીઓ સ્વીકારવાનું મોકુફ કરવામાં આવશે.

૮. જે અરજદાર પાસે ઢોર બાંધવા માટેનો કાયમી પાકો શેડ (પાકું ઢાળીયું ) /ફાર્મ હાઉસ હશે તેવા અરજદારોને જ આ યોજના હેઠળ લાભ મળી શકશે.

૯. આ યોજનાનો લાભ મેળવવા મંડળીની ભલામણસહ અરજી અત્રે મોકલી આપવાની રહેશે.

૧૦. એક રસોડે જમતા અને રેશનકાર્ડ ભેગુ હોય તેવા કુટુંબના દૂધ ભરાવતા સભાસદો પૈકી ફકત એકજ સભાસદને આ યોજનાનો લાભ મળી શકશે.

૧૧. આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા અરજદારે રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરુરી કરારખત મંડળીને કરી આપવાનું રહેશે. અને તેજ રીતે મંડળીએ રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરુરી કરારનામુ સંઘને કરી આપવાનું રહેશે.

૧૨. સંઘમાંથી ગમાણો બનાવવા માટે મંજુરી મળેથી યોજના મુજબ બે માસમાં ગમાણો બનાવી, ગમાણોનું બાંધકામ પૂર્ણ થયાની દૂધ મંડળીએ જરુરી ઠરાવની નકલસહ અત્રે જાણ કરવાની રહેશે.

૧૩. ગમાણોનું બાંધકામ પૂર્ણ થયાના સંઘને મળેલ ઠરાવોના આધારે સંઘના પ્રતિનિધિ બાંધકામ કરેલ ગમાણોની ચકાસણી કરશે અને સહાય ચુકવવાની ભલામણ કરશે.

૧૪. સહાય ચુકવવાની થતી રકમ મંડળીના દૂધ બીલે જમા આપવામાં આવશે. જે રકમ જે તે લાભાર્થીને મંડળીએ તાત્કાલિક ચુકવી આપવાની રહેશે.

૧૫. અરજદારે ગમાણોનું બાંધકામ કરેલુ હોવું જોઈએ નહિ અત્રેથી મંજુરી મળેથી ગમાણોનું બાંધકામ કરવાનું હોય છે.

૧૬. અરજદારે પોતાની માલિકીના ઢાળીયા(પાકો શેડ) માં સંઘના પ્રતિનિધિએ સ્થળ ચકાસણી કર્યા પછી સંઘમાંથી મંજુરી મળ્યેથી પાકી ગમાણો પોતાના ખર્ચે બનાવવાની રહેશે. ગમાણો બનાવવા માટેનું પાકું ઢાળીયું – ૧૨(બાર) ફૂટ જેટલું ચોખ્ખું પહોળું હોવું જોઈએ.

૧૭. <u>**ગમાણનું માપ**</u>:–

લંબાઈઃ– ૪(ચાર) ફૂટ લંબાઈ દીઠ – ૧(એક) ગમાણ ગણાશે.

પહોળાઈઃ– ઢાળીયાની દિવાલથી ગમાણની દિવાલ સાથે ૨'.૬" (અઢી) ફૂટ પહોળાઈ

ઉંચાઈઃ– ૧(એક) ફૂટ જેટલો પાયો લઈ, જમીનથી ઉપર ૨'(બે) ફૂટ ચોખ્ખી ઉંચાઈ

ઉંડાઈઃ – ગમાણ અંદરથી ૧' થી ૧'.૩" જેટલી ઉંડી રાખી, ગમાણનું તળીયું અર્ધગોળાકાર કરવું.

(ગમાણો તેમજ ઢાળીયાની અંદરની બધી દિવાલોને પ્લાસ્ટર કરવું)

ઉપરોકત તમામ સુચનાઓનો દૂધ મંડળીઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આમ છતાં ઉકત બાબતોનું ઉલ્લંઘન કરી, ખોટી અરજીઓ મોકલ્યાનું ધ્યાનમાં આવશે તો જે તે અરજીની ચકાસણી માટે થયેલ તમામ વહિવટીય ચાર્જ મંડળીના દૂધ બીલેથી વિનાનોટીસે કપાત કરવામાં આવશે. તેમજ જરૂર જણાયે આવી મંડળીની ગમાણસહાય માટેની અરજીઓ સ્વીકારવાનું મોકુફ કરવામાં આવશે. જેની ગંભીરપણે ખાસ નોંધ લેશો.

મેનેજીગ ડીરેકટર

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

માન.શ્રી ચેરમેન સા. તેમજ બોર્ડ ડીરેકટરશ્રીઓ તરફ.....જાણ સારું.

<u>નકલ રવાનાઃ–</u>

તમામ દૂધ મંડળીઓ તરફ

તમામ ક્ષેત્રગામી કર્મચારીશ્રીઓ / તમામ વિભાગીય અધિકારીશ્રીઓ

ફાઈલ.